**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૮.૫ ડીગ્રી
લઘુતમ : ૧૭.૪ ડીગ્રી
ભેજ
સવારે ૫૬ ટકા ● સાંજે ૫૫ ટકા

# ગાંધીનગર બન્યુ સ્પર્ધાત્મક પરીક્ષાઓનું હબ

## નગરમાં લગભગ ૭૪ કલાસીસ, ૨૫ લાયબ્રેરી અને ૨૦ હોસ્ટેલ આવેલા છે

ગાંધીનગર, તા.૭

ગાંધીનગરમાં સરકારી ઓફિસોની સાથે સરકારી નોકરી કરવા ઈચ્છુક નાગરિકોની સંખ્યા વધી રહી છે. રાજયના અનેક ગામોમાંથી ગાંધીનગરમાં સરકારી પરીક્ષાની તૈયારી કરવા આવતા વિદ્યાર્થીઓની સંખ્યા છેલ્લા ત્રણેક વર્ષમાં વધી છે. જેને લીધે નગરમાં હોસ્ટેલ, લાયબ્રેરી અને ખાસ કરીને સ્પર્ધાત્મક પરીક્ષાના કલાસીસની સંખ્યાના પ્રમાણમાં વધારો થયો છે.

ગાંધીનગર છેલ્લા ત્રણેક વર્ષથી સ્પર્ધાત્મક પરીક્ષાઓનું હબ બની ગયું છે. જેને લીધે ગામે ગામથી વિદ્યાર્થીઓ અહીં સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરવા માટે આવી રહ્યા છે અને અમુક સ્થાયી થઈ રહ્યા છે. આ કારણોસર શહેરમાં સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરાવતા




કલાસીસમાં વધારો થયો છે. લગભગ ૭૫ જેટલા કલાસીસ હાલ શહેરમાં કાર્યરત છે આ ઉપરાંત હોસ્ટેલ અને લાયબ્રેરીની સંખ્યામાં પણ વધારો જણાઈ રહ્યો છે.

હાલના દિવસમાં સરકારી નોકરીનો ક્રેઝ યુવાનોમાં વધ્યો છે. જેનું કારણ બેરોજગારીનું પ્રમાણ પણ કહી શકાય અને દરેક છોકરાઓ આજે સરકારી નોકરી તરફ વળ્યા છે. આ કારણોસર ગાંધીનગર એ એજયુકેશન હબ બની ગયું છે. ખાસ કરીને સ્પર્ધાત્મક પરીક્ષા માટેનું હબ બની ગયું છે.

શહેરમાં વધતી જતી વિદ્યાર્થીઓની સંખ્યાને લીધે પહેલા કરતા હવે કલાસીસની સંખ્યામાં પણ વધારો થયો છે. બે થી પાંચ વર્ષ પહેલા સરકારી પરીક્ષાની જાગૃતતા મુજબના કલાસીસ અમુક જ જગ્યાએ હતા જે હવે સેકટરના દરેક હિસ્સામાં છે અને અમુક કલાસીસની જુના સેકટરો અને નવા સેકટરોમાં બ્રાંચ પણ ખુલી ગઈ છે. દરેક સમાજની હોસ્ટેલો સાથે પીજીની સંખ્યામાં પણ વધારો જોવા મળી રહ્યો છે. શહેરમાં લગભગ ૨૦ જેટલી હોસ્ટેલ આવેલી છે. જેમાં રહી વિદ્યાર્થીઓ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરી રહ્યા છે. આ ઉપરાંત વાંચવા માટે લાયબ્રેરીની સુવિધા પણ વધી રહી છે. વિદ્યાર્થીઓ કલાસીસ સિવાયના સમયમાં લાયબ્રેરીમાં રહીને વાંચન કરી રહ્યા છે. નગરમાં સરકારી લાયબ્રેરી સિવાય ૨૫ જેટલી લાયબ્રેરી આવેલી છે. જેમ દિલ્હી યુપીએસસી પરીક્ષા માટે ફેવરીટ છે તેમ ગાંધીનગર જીપીએસસી તથા બીજી દરેક સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટેનું હોટ ફેવરિટ શહેર બન્યું છે.

## મુવી હાઉસ

**પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧**

**પતિ પત્નિ ઔર વો**
૮.૫૦, ૧૦.૧૦, ૧૧.૪૦, ૨.૩૦, ૩.૩૦, ૫.૨૦, ૬.૩૦, ૮.૧૦, ૯.૩૦, ૧૧.૦૦

**પાનીપત**
૯.૩૦, ૧૧.૪૫, ૧.૦૦, ૩.૧૫, ૬.૪૫, ૧૦.૧૫

**હેલ્લારો (ગુજરાતી)**
૪.૩૦, ૧૦.૦૫

**કમાન્ડો ૩** - ૭.૧૫

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧**

**પતિ પત્નિ ઔર વો**
૮.૫૫, ૧૧.૩૦, ૨.૨૦, ૪.૩૦, ૫.૧૦, ૭.૧૫, ૮.૦૦, ૧૦.૫૦

**પાનીપત**
૯.૦૦, ૧૦.૧૫, ૧.૦૦, ૧.૫૦, ૩.૧૫, ૫.૨૫, ૬.૪૫, ૯.૦૦, ૧૦.૧૫

**કમાન્ડો-૩**
૧૦.૧૦, ૧.૩૫, ૧૦.૦૦

**હોટલ મુંબઈ**
૧૨.૩૦, ૧૦.૧૫

**હેલ્લારો (ગુજરાતી)**
૭.૩૫

**૨૪ કેરેટ પિત્તળ (ગુજરાતી)**
૪.૨૫

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬**

**પતિ પત્નિ ઔર વો**
૯.૦૦, ૧૦.૧૫, ૧૧.૩૦, ૧.૦૦, ૨.૧૫, ૩.૪૫, ૫.૦૦, ૬.૩૦, ૭.૪૫, ૯.૧૫, ૧૦.૩૦

**પાનીપત**
૯.૧૦, ૧૦.૦૦, ૧.૩૦, ૩.૦૦, ૫.૦૦, ૬.૩૦, ૮.૩૦, ૧૦.૦૦

**હેલ્લારો (ગુજરાતી)**
૧૦.૩૫, ૬.૫૦

**કમાન્ડો-૩** - ૧.૧૫, ૯.૩૦

**હોટલ મુંબઈ** - ૪.૦૫

## આજે ગાંધીનગરમાં

● સંસ્કાર ગૃપ દ્વારા આજે સવારે ૯.૩૦ થી ૧૦.૩૦ દરમિયાન બાળકોને શારિરીક કસરત, રમતગમત તથા શિયાળુ પાકની જરૂરિયાત વિશે સમજાવવામાં આવશે.

● વિશ્વ હિંદુ પરિષદ-બજરંગદળ દ્વારા ગીતા જયંતિ અને શૌર્ય દિવસ નિમિત્તે સે-૭-એ ભારતમાતા મંદિર ખાતે સાંજે ૭ થી ૯ કલાક દરમિયાન સુંદરકાંડના પાઠ યોજાશે.

● સ્વામિનારાયણ મંદિર સે-૨૩ દ્વારા ગાંધીનગર મહાપાલિકાના સફાઈ કર્મીઓનો સન્માન સમારંભ બપોરે ૩ વાગ્યે સે-૨૩ સ્થિત નાથીબા હોલ ખાતે યોજાશે.

## શહેર જાગૃત નાગરિક પરિષદની બેઠક સોમવારે

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની બેઠક સંસ્થાના કાર્યકારી પ્રમુખ ભાનુપ્રસાદ પુરાણીના અધ્યક્ષસ્થાને ૯મી ડીસમ્બર સોમવારે બપોરે સાડા ચાર કલાકે સે-૨૧ના નમન એપાર્ટમેન્ટમાં મળશે. જેમાં પ્રશ્નોની સમીક્ષા કરવામાં આવશે. જેમાં સભ્યશ્રીઓ, પદાધિકારીશ્રીઓ, કાર્યવાહક સમિતિના સભ્યોને ઉપસ્થિત રહેવા માટે મહામંત્રી નિરંજનભાઈ ઓઝાએ જણાવેલ છે.

## મુસાફરોની નજર ચુકવી દાગીના સેરવી લેતી રીક્ષા ગેંગ ઝડપાઈ

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર શહેર આસપાસના વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી રીક્ષા ગેંગનો હાહાકાર વધી ગયો હતો. મુસાફરોને રીક્ષામાં બેસાડી તેઓની નજર ચુકવી પાકીટ કે માલ-સામાનમાં મુકેલા રૂપીયા કે સોના-ચાંદીના દાગીના સેરવી લેતી ગેંગને ગાંધીનગર એલસીબીને ટીમે પાલજ પાટીયા પાસેથી રીક્ષા સહિત ત્રણ ઈસમોને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર એલસીબી પીઆઈ જે.જી. વાઘેલાના માર્ગદર્શન હેઠળ એલસીબી-૨ નો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો. તે સમયે હે.કો. કિરીટકુમાર તેમજ કોન્સ્ટેબલ નરેશકુમારને બાતમી મળી હતી. જેને પગલે એલસીબીએ મોટા ચિલોડાથી ગાંધીનગર તરફ જતા પાલજ પાટીયા પાસેથી રીક્ષા સહિત ત્રણ શખ્સોને પકડી પાડ્યા છે. જયારે પોલીસે સોહિલ કાસમભાઈ મનસુરી (સરખેજગામ), મોસીન અનવરહુસેન શેખ (નુરેરેહાન સોસાયટી), ફિરોજ અબ્દુલઅજીજ શેખ (છાપરીયા, હિંમતનગર)નો સમાવેશ થાય છે. ઉલ્લેખયની છે કે આરોપીઓએ ૧૫ દિવસ પહેલા જ ચિલોડા સર્કલ સેકટર-૨૪ ની મહિલાને રીક્ષામાં બેસાડીને તેમની પાસે રહેલા રૂ.૧.૩૧ લાખના દાગીના બેગમાં નજર ચુકવીને સેરવી લીધા હતા. ત્યારબાદ એરફોર્સ નજીક આવતા જ રીક્ષા બંધ પડી હોવાનું કહીને તેમને ઉતારીને છુ થઈ ગયા હતા. બનાવ અંગે ચિલોડા પોલીસ મથકે ગુનો નોંધાયો હોવાથી એલસીબી પોલીસે આરોપીઓને પકડી પાડી વધુ કાર્યવાહી હાથ ધરી છે.



ઈટલા ગામ ખાતે સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો હતો. જેમાં ૩૫ મોતિયા ઓપરેશનના દર્દી નક્કી થયા હતા. ૧૯૦ દર્દીનું ડાયાબિટીસ ચેક અપ થયું અને ૨૨૫નું મેડીકલ ચેકઅપ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ઓર્થોપેડીક કેમ્પ અને સરકાર તરફથી મા વાત્સલ્ય કાર્ડનો કેમ્પ રાખવામાં આવ્યો હતો. જેમાં આઈ વિઝનના ડાયરેકટર કે.પી. પ્રજાપતિ લાયન્સ કલબ હેરિટેજના પ્રમુખ સુનિલભાઈ ત્રિવેદી, જોઈન્ટ સેક્રેટરી નીતિનભાઈ પટેલ, દર્શનાબેન ત્રિવેદી તથા બોર્ડના સભ્યો તથા ઈટલા ગામના સરપંચ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમના આયોજક તાલુકા સદસ્ય જયેશભાઈ ચૌધરીનો પૂરતો ફાળો રહ્યો હતો.

## સાતમા પગાર પંચના ત્રીજા હપ્તાની ચુકવણી વિના ટળવળતા શિક્ષકો

ગાંધીનગર, તા.૭

પ્રાથમિક શાળાના શિક્ષકો માટે સાતમા પગાર પંચનો અમલ અમલી બનાવેલ છે. જેના એરીયર્સની રકમ ત્રણ હપ્તામાં ચુકવવાનું ઠરાવેલ છે. જેમાં ત્રીજો હપ્તો પગારનું સ્ટીકર વેરીફીકેશનનું મેળવ્યા બાદ ચુકવવામાં આવશે.

ગાંધીનગર શહેર વિસ્તારના અંદાજે ૩૦૦ શિક્ષકોને એક વર્ષથી ત્રીજો હપ્તો મળેલ નથી. શિક્ષકો એરીયર્સની રકમ મળે તે માટે એક વર્ષથી ચાતકની જેમ રાહ જોઈને બેઠા છે. રાજયમાં તમામ જગ્યાએ શિક્ષકોને ચુકવણી થયેલ છે. પરંતુ અગમ્ય કારણોસર ગાંધીનગર શહેરના શિક્ષકોને ચુકવણીમાં વિલંબ થયેલ છે. શિક્ષકો શૈક્ષણિક કાર્ય સિવાય અન્ય તમામ પ્રકારની કામગીરી કરે છે જયારે તેમના હક્કના નાણાં ચુકવવામાં ઢીલી નીતિના કારણે શિક્ષકોમાં નારાજગી સાથે હતાશા ફેલાઈ છે. આથી સરકાર આ બાબતે ઝડપી ન્યાય કરે તેવી શિક્ષકોની લાગણી અને માંગણી છે.



સે-૬માં સેવા સેતુ મા વોર્ડ નં ૭/૮ના ગટર તથા રોડ રસ્તાના નવીનીકરણ તથા ગેરકાયદેસર ઝુંપડાઓ અને દબાણ હટાવવા માટે કોંગ્રેસના કોર્પોરેટર હિરલ ઉર્પલકુમાર જોષી અને પાયલબેન વિનોદભાઈ મેણાત દ્વારા આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

## જિલ્લાના વિજેતા ખેલાડીઓએ રોકડ પુરસ્કારના ફોર્મ ભરી જવા તંત્ર દ્વારા રજુઆત

ગાંધીનગર, તા.૭

રાજય સરકારના રમત-ગમત, યુવા સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ, અંતર્ગત સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત તેમજ જિલ્લા વહીવટી તંત્ર અને જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, ગાંધીનગર દ્વારા ચાલુ વર્ષે પણ ખેલ મહાકુંભ-૨૦૧૯ નું આયોજન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં ગાંધીનગર ગ્રામ્ય અને મહાનગર પાલિકાના જિલ્લાકક્ષાના વિજેતા તમામ ખેલાડીઓને રાજય સરકાર દ્વારા રોકડ પુરસ્કાર બેન્ક એકાઉન્ટમાં તેમજ પ્રમાણપત્રથી તા.૧૪ ડિસેમ્બરના રોજ રાજય સરકરા દ્વારા ખેલાડીઓને સન્માનિત કરવાના થાય છે. જેને પગલે તમામ જિલ્લા કક્ષાના વિજેતા ખેલાડીઓએ રોકડ પુરસ્કારના ફોર્મ ભરવાના બાકી હોય કે આપવાના બાકી રહી ગયેલા હોય તેવા ખેલાડીઓએ આધાર પુરાવા સાથે તા. ૯ ડિસેમ્બરના રોજ ૧૨ કલાક સુધીમાં અત્રેની જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, સી વીંગ છઠ્ઠો માળ સહયોગ સંકુલ પથિકાશ્રમ હોટલની બાજુમાં સકેટર-૧૧ ખાતે જમા કરાવવાના રહેશે અને ત્યારબાદ મળેલા ફોર્મના વિજેતા ખેલાડીઓને સરકાર તરફથી રોકડ પુરસ્કાર ચુકવવામાં આવશે નહીં. જયારે વધુ માહિતી માટે કચેરી સમય દરમિયાન કચેરીનો સંપર્ક કરવાનો રહેશે.

## ગાંધીનગરથી ગુમ થયેલ છે

ગાંધીનગર સેકટર-૨૧ પોલીસ મથકે જાણવા જોગ અરજી મુજબ મનુભાઈ કિશનભાઈ મકવાણા ઉં.વ. ૫૫ રહે. સેકટર-૨૮ બ્લોક નં. ૧૩૪-૩ કેટેગરી જ-૨ ખાતેથી ગત તા.૨૬-૧૧-૧૯ ના રોજ સવારના ૮.૩૦ કલાકના રોજ સેકટર-૨૮ બ્લોક નં.૧૩૪-૨ જ ટાઈપ ગાંધીનગરથી મહેસાણા ખાતે સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા મોઢેરા ચોકડી મહેસાણા ખાતે જવાનું કહી ઘરેથી નીકળ્યા હતા અને સાંજે ઘરે પરત ફર્યા ન હતા. ગુમ થનાર ૫૫ વર્ષિય કિશનભાઈ મકવાણા રંગે ઘઉંવર્ણા અને પાતળા બાંધાના, આશરે સાડા પાંચ ફુટ ઉંચાઈના છે. જે ગુજરાતી, હિન્દી ભાષા જાણે છે. તેઓએ શરીરે સફેદ કલરનું શર્ટ અને ભુરા કલરનું પેન્ટ પહેરેલ છે. આ વ્યકિત અંગે જો કોઈને માહિતી કે પત્તો મળે તો સેકટર-૨૧ પોલીસ મથકનો સંપર્ક કરવો.



ગાંધીનગરની વિવિધ સંસ્થાઓ તથા સેવાકીય પ્રવૃતિ સાથે સંકળાયેલા યુવાન સંકેત ગોરખપુરનો જન્મ દિવસ હતો જે તેમણે સેક્ટર-૧૩માં નંદનવન આશ્રમ શાળાના બાળકો સાથે વિતાવ્યો હતો અંતમાં બાળકોને ચોકલેટ ખવડાવી મોં મીઠું કરવામાં આવ્યું હતું.

## મેરી આવાઝ સુનો સંગીત સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા.૭

મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિયો દ્વારા મોહમ્મદ રફીની ૯૫મી જન્મજયંતિ નિમિત્તે શ્રધ્ધાંજલિ આપવા અર્થે સંગીત સ્પર્ધાનું આયોજન ૮ ડિસેમ્બરના રોજ કરવામાં આવશે. જેમાં ગાંધીનગર અમદાવાદ તેમજ ગુજરાતના અનુભવી/બિનઅનુભવી ગીત ગાવાના શોખીન સંગીત રસિકોને પ્લેટફોર્મ પુરું પાડવામાં આવશે. જે અંતર્ગત સેમી ફાઈનલ રાઉન્ડ તા. ૮ ડિસેમ્બરના રોજ બપોરે ૨ વાગ્યે મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિયો, ૧૨૪ સનરાઈઝ આર્કેટ, કુડાસણ ખાતે યોજાશે. આ કાર્યક્રમમાં ભાગ લેવા ઈચ્છુકોએ વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશફોર્મ સ્ટુડિયો ખાતે ભરી જવા તથા વધુ માહિતી માટે શ્રવણ પરમાર ૯૪૨૭૩૧૮૦૭૩ તથા કસ્ટમર કેર નં. ૮૮૪૯૪૫૪૪૦૫ તથા **manoranjanmusicalstudio@gmail.com** પર સંપર્ક કરવા સંસ્થા દ્વારા જણાવાયું છે.




સ્વચ્છતા પખવાડિયા અંતર્ગત તટરક્ષક ક્ષેત્રીય મુખ્યાલય દ્વારા પ્લોગિંગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત સે-૧૩ સ્થિત તટરક્ષક નાવિક નિવાસથી લગભગ ૨ કિલોમીટરના અંતે આવેલ કલ્યાણ કેન્દ્ર સુધી સફાઈ કરવામાં આવી હતી.

## નવા બગીચાના મુખ્ય પ્રવેશદ્વાર સિવાયની દિશાએ નાના દરવાજા બનાવવા માંગ

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં સમાવિષ્ટ વોર્ડ નં. ૮માં સે. ૨ તથા સે. ૪ ખાતે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા બગીચાઓનુ નવીનીકણ કરવામાં આવ્યું છે. જેના લીધે બિસ્માર હાલતમાં પડી રહેલા બગીચાઓ હાલમાં વસાહતીઓ, વડીલો, બાળકોના ઉપયોગલાયક બન્યા છે. જે ખુબ જ સારી બાબત છે. સે. ૨માં બગીચાનુ નવીનીકરણ કર્યુ છે, જેનો દરવાજો સે. ૨ના અર્બન હેલ્થ સેન્ટરની તરફ બનાવેવલ છે, જેથી સે. ૨-ડીના વસાહતીઓ તેમજ વૃદ્ધ-વડીલોને આ બગીચાનો લાભ લેવા માટે ખુબ જ મોટુ અંતર કાપીને આખો બગીચો ફરીને આવવુ પડે છે. જો સે. ૨-ડી તરફ એક નાનો દરવાજો બનાવવામાં આવે તો સે. ૨-ડીના વસાહતીઓને સરળતાથી આ બગીચાનો લાભ લઈ શકે. આ જ રીતે સે. ૪માં બગીચાનુ નવીનીકરણ કરીને તેનો મુખ્ય દરવાજો શોપિંગ સેન્ટર બાજુ બનાવવામાં આવ્યો છે. જેથી સે. ૪-સીના વસાહતીઓ, વડીલોને બગીચામાં આવવા ખુબજ ફરીને આવવું પડે છે, જો સે. ૪-સી બાજુ નાનો દરવાજો બનાવાવમાં આવે તો સે. ૪-સીના વસાહતીઓને સરળતાથી આ બગીચાનો લાભ લઈ શકે. આથી સે. ૨-ડી તેમજ સે. ૪-સીના વસાહતીઓ, વડીલો-વૃદ્ધોની લોકમાંગણીને ધ્યાને લઈને જરૂરિયાત મુજબનો નાનો દરવાજા બનાવી આપવા સ્થાનિક કોર્પોરેટર પાયલબેન મેણાતે રજૂઆત કરી છે.

## કેએસવી ખાતે ‘એલટીઆઈ પુલ કેમ્પસ’ યોજાયો






ગાંધીનગર, તા.૭

કડી સર્વ વિશ્વવિદ્યાલયના યુનિવર્સિટી પ્લેસમેન્ટ સેલ દ્વારા ‘એલટીઆઈ પુલ કેમ્પસ ડ્રાઈવ’નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં યુનિવર્સિટીના ૨૫૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ વલ્લભભાઈ એમ. પટેલના માર્ગદર્શન હેઠળ કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત યુનિવર્સિટી પ્લેસમેન્ટ સેલ દ્વારા ‘એલટીઆઈ પુલ કેમ્પસ ડ્રાઈવ’નું સેકટર-૧૫ ખાતે આવેલ એલડીઆરપી મિકેનિકલ હોલ ખાતે કરવામાં આવ્યું હતું. આયોજિત કાર્યક્રમમાં યુનિવર્સિટી સંચાલિત **BPCCS BCA** કોલેજ ગાંધીનગર, **SMMPISR** કોલેજ, ગાંધીનગર, **NPCCSM BCA** કોલેજ, કડીના ૨૫૦ જેટલા વિદ્યાર્થીઓ જોડાયા હતાં. ‘એલટીઆઈ પુલ કેમ્પસ ડ્રાઈવ’ (મહારાષ્ટ્ર) સ્થિત **LTI** (લાર્સન એન્ડ ટુબ્રો ઈન્ફોટેક લિ.) કંપનીના એચ.આર. મેનેજર રીતિક કનોજિયા, પ્રોજેકટ મેનેજર પ્રતિક સંપત, ટીમ લીડર રૂપરિત કૌર ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓને કંપનીની કામગીરી અને કંપનીમાં કેવી રીતે જોડાઈ શકાય તેની માહિતી આપી હતી. કંપની દ્વારા લેવાયેલ પ્રથમ ટેસ્ટમાં ૨૫૦ જેટલા વિદ્યાર્થીઓ જોડાયા હતાં. યુનિવર્સિટીના રજિસ્ટ્રાર ડો. એસ.કે. મંત્રાલા, **SMMPISR** કોલેજના આચાર્ય ડો. કેયુર શાહના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમ યોજાયો હતો.